For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરાના જીપીસીબીના અધિકારીઓના સાવલી તાલુકામાં પ્રદૂષણ ઓકતી કંપનીઓ પર ચાર હાથ

# જીપીસીબીના અધિકારીઓના પાપે જૂનાસમલાયાના નાળામાં પ્રદૂષિત પાણીથી હજારો માછલી મરી ગઈ

(પ્રતિનિધિ) સાવલી / વડોદરા તા.15

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના જૂનાસમલાયા ગામના પેટાપુરા જૂનામનોરપુરા સીમ વિસ્તારમાં નાળાના વહેતા પાણીમાં હજારો માછલીઓ મૃત હાલતમાં મળી આવતાં ચકચાર મચી છે. પાણીમાં તરતી અને તણાતી માછલીઓના મૃતદેહો જોઈ સ્થાનિકો અને પર્યાવરણપ્રેમીઓમાં રોષ ફેલાયો છે. જૂનાસમલાયા ગામના સરપંચે આક્ષેપ કર્યો છે કે આસપાસની કેમિકલ કંપનીઓ દ્વારા છોડવામાં આવતું ઝેરી અને પ્રદૂષિત પાણી નાળામાં ભળતા આ સ્થિતિ સર્જાઈ છે.

સરપંચના જણાવ્યા મુજબ, સીમ વિસ્તારમાં કંપનીઓ દ્વારા રાસાયણિક પ્રદૂષણયુક્ત પાણી છોડવા અંગે અગાઉ પણ ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી) સમક્ષ રજૂઆતો અને ફરિયાદો કરવામાં આવી હતી. તેમ છતાં કોઈ નક્કર પગલાં લેવાયા નહીં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તંત્રની કથિત બેદરકારીના કારણે આજે હજારો જળચર જીવોના મોતની સ્થિતિ સર્જાઈ હોવાનો ગ્રામજનોનો રોષ છે.

ગ્રામજનો અને ખેડૂતોમાં ભય સાથે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રદૂષિત પાણીથી જમીન, ભૂગર્ભજળ અને ખેતીને નુકસાન થવાની પણ ચિંતા વ્યક્ત કરાઈ છે. ગ્રામજનોએ જીપીસીબીને તાત્કાલિક સ્થળ તપાસ કરી નાળાના પાણીના નમૂના લઈ લેબોરેટરીમાં પરીક્ષણ કરાવવા તથા જવાબદાર એકમો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સરપંચે ચીમકી આપી છે કે તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો ગ્રામજનો સાથે હાઈવે જામ, ધરણાં સહિતનું ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## પ્રદૂષિત પાણીને હવે ખેતી છોડવાનો વારો આવશે

અમારા ગામની સીમમાં આવેલી કંપનીઓ રાત્રિના અંધારામાં ઝેરી કેમિકલયુક્ત પાણી નાળામાં છોડે છે. તેના કારણે હજારો માછલીઓ તડપી-તડપીને મરી ગઈ છે. નાળામાં વહેતું કાળું



અને દુર્ગંધ મારતું પાણી જળચર જીવો સાથે ખેતી અને જમીનને પણ નુકસાન પહોંચાડી રહ્યું છે. આ પાણી ભૂગર્ભમાં ઉતરતાં કૂવા-બોરનું પાણી પણ પ્રદૂષિત થવાની ભીતિ છે. પાકને કયું પાણી આપવું તે પ્રશ્ન છે. આ અંગે અગાઉ જીપીસીબીને વારંવાર લેખિત રજૂઆતો છતાં કાર્યવાહી થઈ નથી. તંત્રની બેદરકારીથી સ્થિતિ વણસી છે. તાત્કાલિક સ્થળ તપાસ કરી ઝેરી પાણી બંધ કરાવી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આખા ગામને સાથે રાખીને રસ્તા પર ઉતરી ઉગ્ર ધરણાં-આંદોલન કરીશું.

**- શૈલેષસિંહ સોલંકી,** સરપંચ, સામલયા ગામ

ગળા-મોઢાના ભાગે બળતરા થતાં એસએસજીમાં ખસેડાયા હતા

# ગોરવા વિસ્તારમાં પુત્રવધૂ પર સાસુએ કરેલા એસિડ એટેકના ગુનામાં પતિની ધરપકડ

**ફરાર** સાસુ અને સસરાને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન

**બે નણંદ** પર નજીવી બાબતો લઈને ઝગડો કરી માનસિક ત્રાસ આપતા

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરાના ગોરવા વિસ્તારમાં ઘરકામ બાબતે થયેલા સામાન્ય વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. બાથરૂમ એસિડથી સાફ કરવાની ના પાડતાં ઉશ્કેરાયેલી સાસુએ પુત્રવધૂના ગળા અને મોઢા પર એસિડ છાંટી દેતાં પરિણીતા દાઝી ગઈ હતી. સારવાર બાદ પરિણીતાએ ગોરવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પતિની ધરપકડ કરી સાસુ-સસરાને વોન્ટેડ જાહેર કર્યા છે.

ગોરવાના પંચવટી સહયોગ રોડ પર રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતી 26 વર્ષીય પરિણીતાના લગ્ન વર્ષ 2021માં પિયુષ દુધરેજીયા સાથે થયા હતા. લગ્ન બાદથી સાસુ, સસરા, પતિ અને બે નણંદો નજીવી બાબતોને લઈને ઝઘડો કરી માનસિક તથા શારીરિક ત્રાસ આપતા હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે.

તા.10 સપ્ટેમ્બરે સાસુએ પુત્રવધૂને બાથરૂમ એસિડથી સાફ કરવા કહ્યું હતું. જોકે, એસિડથી એલર્જી હોવાથી પરિણીતાએ સફાઈ કરવાની ના પાડી હતી. આથી ઉશ્કેરાયેલી સાસુ બાથરૂમમાંથી એસિડની બોટલ લઈ આવી અને પરિણીતાના ગળાના જમણા ભાગ તથા મોઢા પર એસિડ છાંટી દીધું હતું.

એસિડ પડતાં ગળા અને મોઢાના ભાગે બળતરા થતાં પરિણીતાને સારવાર માટે એસએસજી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. સારવાર બાદ પિયરથી પરત આવેલી પરિણીતાએ ગોરવા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. બનાવ બાદ પોલીસે ઘરકામના વિવાદ અંગે પરિવારજનોની પૂછપરછ શરૂ કરી છે અને ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

ACP આર.ડી. કવાના જણાવ્યા મુજબ, સાસુ-પુત્રવધૂ વચ્ચે ઘરકામ બાબતે અવારનવાર તકરાર થતી હતી. બાથરૂમ સાફ કરવા બાબતે બોલાચાલી ઉગ્ર બનતાં સાસુએ આવેશમાં એસિડ છાંટ્યું હતું. ગોરવા પોલીસે પતિ પિયુષની ધરપકડ કરી સાસુ-સસરાની શોધખોળ શરૂ કરી છે.

# ગણપતિના ફાળાની ઉઘરાણી મુદ્દે થયેલી બબાલમાં ૮ની ધરપકડ

**૨૧ હજાર** નહીં આપતાં વેપારી-પુત્ર સાથે મારામારીનો આક્ષેપ, બંને પક્ષે ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

શહેરના ચોખંડી વાડી વિસ્તારમાં ગણેશોત્સવના ફાળાની ઉઘરાણી મુદ્દે વેપારી અને ગણપતિ મંડળના સભ્યો વચ્ચે બોલાચાલી બાદ મારામારી થતાં ચકચાર મચી હતી. રાજસ્થાન કુલ્ફીની દુકાન ચલાવતા વેપારી પાસેથી રૂ.21 હજારના ફાળાની માંગણી કરવામાં આવી હતી. રકમ નહીં આપતાં વેપારી અને તેના પુત્ર સાથે મારામારી કરાઈ હોવાના આક્ષેપ બાદ પોલીસે બંને પક્ષની ફરિયાદ નોંધી મંડળના સભ્યો તથા વેપારી પક્ષના લોકો મળી કુલ આઠ આરોપીઓની ધરપકડ કરી છે.

ફરિયાદ મુજબ, ચાર-પાંચ દિવસ અગાઉ હિતેષ પટણી વેપારી બીજેન્દ્રસિંહ વાઘેલાની દુકાને આવ્યો હતો અને ગણપતિના ફાળા પેટે રૂ.21 હજાર માંગ્યા હતા. વેપારીએ આટલી રકમ આપી શકાય તેમ નહીં હોવાનું કહેતાં ધમકી આપ્યાનો આક્ષેપ છે.

તા.13 સપ્ટેમ્બરે વહેલી સવારે ત્રણ વાગ્યે હિતેષ અને શૈલેષ પટણી દુકાન નજીક આવ્યા હતા અને ફાળો કેમ આપ્યો નથી તેમ કહી બોલાચાલી કરી હતી. વેપારીના પુત્ર મહેશે વધુ રકમ અંગે પૂછતાં ધક્કામુક્કી શરૂ થઈ હતી. દરમિયાન વેપારી વચ્ચે પડતાં બંનેએ ગાળો આપી મારામારી કરી હોવાનો આક્ષેપ છે.

ત્યારબાદ મોન્ટી, પંકજ, જતીન અને અનિલ પટણી સહિતના લોકો સ્થળે પહોંચ્યા હતા. ફરિયાદમાં લાફા મારવા તથા સ્ટીલના ઢાંકણથી હુમલાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ કરાયો છે. લોકો એકઠા થતાં આરોપીઓ જતા રહ્યા હતા અને ધમકી આપી હોવાનો પણ આક્ષેપ છે. પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે તપાસ શરૂ કરી આઠ આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# આજે વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવા વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયું વાતાવરણ યથાવત છે. સોમવારે અઢી ઈંચ વરસાદ બાદ મંગળવારે છૂટોછવાયો વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગ મુજબ મહત્તમ તાપમાન 30 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 3.1 ડિગ્રી ઓછું છે. લઘુત્તમ તાપમાન 25.4 ડિગ્રી રહ્યું હતું. આગામી દિવસોમાં 30થી 40 કિ.મી.ની ઝડપે પવન સાથે વીજળી પડવાની ચેતવણી આપવામાં આવી છે. તા.16થી 19 સપ્ટેમ્બર દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવા સાથે હળવા વરસાદની શક્યતા છે. તા.20ના રોજ ગાજવીજ સાથે વરસાદ તથા તા.21ના રોજ વાદળછાયા વાતાવરણ સાથે વરસાદ કે ધૂળની ડમરીની શક્યતા વ્યક્ત કરાઈ છે. જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ છેલ્લા 24 કલાકમાં જિલ્લામાં સરેરાશ માત્ર 1 મીમી વરસાદ નોંધાયો હતો. વડોદરામાં 3, પાદરામાં 2 અને ડેસરમાં 3 મીમી વરસાદ પડ્યો હતો, જ્યારે સાવલી, વાઘોડિયા, ડભોઈ, કરજણ અને સિનોરમાં વરસાદ નોંધાયો નહોતો.

૧૧ વર્ષ જૂના બાનાખત બાદ જમીનના વિવાદમાં નવો વળાંક

# શેરખીની રૂ.૭ લાખમા વેચેલી જમીનનો અન્ય બે જણ સાથે બારોબાર રૂ. ૧૯.૭૨ લાખમાં સોદો

**સિવિલ-**ફોજદારી કેસ પેન્ડિંગ હોવા છતાં નવો દસ્તાવેજ કરી ટ્રાન્સપોર્ટર સાથે ચાર શખ્સોની ઠગાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

શેરખી ગામની જમીનનો સોદો કરી રૂ.7.01 લાખ ચૂકવી કબજો સોંપ્યા બાદ વર્ષો પછી એ જ જમીન અન્યના નામે રૂ.19.72 લાખમાં વેચી દેવાના મામલે છેતરપિંડીનો આક્ષેપ થયો છે. જમીન અંગે કોર્ટમાં વિવાદ અને પોલીસ કેસ ચાલી રહ્યો હોવાની જાણ હોવા છતાં કાવતરું રચી નવો દસ્તાવેજ કરી ફરિયાદીના હક-હિતને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરાયો હોવાની ફરિયાદ અટલાદરાના 66 વર્ષીય ટ્રાન્સપોર્ટર શિવાભાઈ હિરાભાઈ પ્રજાપતિએ નોંધાવી છે. તાલુકા પોલીસે ચાર સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, વર્ષ 2015માં દલાલ મારફતે શેરખીના રમણભાઈ ભાઈલાલભાઈ પઢિયારનો સંપર્ક થયો હતો. રમણભાઈએ શેરખી ગ્રામ પંચાયતની હદમાં આવેલી જમીન પોતાની માલિકીની હોવાનું જણાવી વેચાણની વાત કરી હતી. સોદો નક્કી થતાં 29 જૂન, 2015ના રોજ બાનાખત કરાયો હતો. શિવાભાઈએ રૂ.51 હજાર ટોકન, SBIના ચેકથી રૂ.2 લાખ અને રૂ.4.50 લાખ રોકડા મળી કુલ રૂ.7.01 લાખ ચૂકવ્યા હતા. ત્યારબાદ જમીનનો કબજો સોંપી કબજા પાવતી પણ અપાઈ હતી.

જોકે, 20 માર્ચ, 2018ના રોજ રમણભાઈએ એ જ જમીન વિષ્ણુભાઈ ડાહ્યાભાઈ પટેલ અને જગદિશભાઈ બાબાભાઈ પટેલને રૂ.19.72 લાખમાં વેચાણ દસ્તાવેજથી વેચી દીધી હતી. જાણ થતાં શિવાભાઈએ સિવિલ કોર્ટમાં દાવો કર્યો હતો. કોર્ટે 28 જુલાઈ, 2021ના રોજ મિલકત જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જાળવવાનો વચગાળાનો હુકમ કર્યો હતો. તેમજ વર્ષ 2020માં શિવાભાઈએ રમણભાઈ સહિત જમીન ખરીદનાર બંને સામે તાલુકા પોલીસમાં ફરિયાદ કરી હતી અને ચાર્જશીટ રજૂ થઈ હોવાનું જણાવ્યું છે. ફરિયાદમાં વધુ આક્ષેપ છે કે કોર્ટ વિવાદ અને પોલીસ કેસની જાણ હોવા છતાં વિષ્ણુભાઈ તથા જગદિશભાઈએ ભરતકુમાર બાવાલાલ રોકડ અને પ્રજયકુમાર બાવાલાલ રોકડ સાથે મળી સબ-રજિસ્ટ્રાર કચેરીમાં ફરી દસ્તાવેજ કર્યો હતો. સમગ્ર મામલે ચારેયની ભૂમિકા અંગે તપાસની માંગ કરાઈ છે.

# સરકારી મેડિકલ કોલેજોમાં ૩૨૪ તબીબી ફેકલ્ટીની ભરતી

**પ્રોફેસર,** એસોસિયેટ અને આસિસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ માટે ૧૧ મહિનાના કરાર આધારિત નિમણૂક

**આજે** વડોદરા સહિત છ શહેરોમાં રૂબરૂ અરજી સ્વીકારાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.15

ગુજરાતની સરકારી મેડિકલ કોલેજો અને સંલગ્ન સંસ્થાઓમાં તબીબી શિક્ષણને વધુ સુદૃઢ બનાવવા આરોગ્ય કમિશનરેટે પ્રોફેસર, એસોસિયેટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ પ્રોફેસરની કુલ 324 જગ્યાઓ પર 11 મહિનાના કરાર આધારિત ભરતીની જાહેરાત કરી છે. પાત્ર ઉમેદવારો પાસેથી માત્ર રૂબરૂ અરજીઓ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન કે ટપાલથી મોકલેલી અરજીઓ માન્ય ગણાશે નહીં.

અરજી 16 સપ્ટેમ્બર 2026ના રોજ સવારે 10:30થી બપોરે 12:30 દરમિયાન અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગરની સરકારી મેડિકલ કોલેજ ખાતે સ્વીકારાશે. ઉમેદવારોએ અધિકૃત વેબસાઈટ પરથી ફોર્મ ડાઉનલોડ કરી તેનું વર્ઝન 1.2 વાપરવાનું રહેશે. જરૂરી દસ્તાવેજોની સ્વ-પ્રમાણિત નકલો સાથે અસલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.

પ્રોફેસરની 90, એસોસિયેટ પ્રોફેસરની 100 અને આસિસ્ટન્ટ પ્રોફેસરની 134 જગ્યાઓ ભરાશે. ખાનગી પ્રેક્ટિસ વગરના ઉમેદવારોને વિશેષ અગ્રતા અપાશે. મહત્તમ વયમર્યાદા 65 વર્ષ રહેશે. પસંદગી પામેલા ઉમેદવારોને નિયમ મુજબ CCC+ કમ્પ્યુટર પરીક્ષા પાસ કરવી પડશે. શૈક્ષણિક લાયકાત અને અનુભવ માટે ગુજરાત સરકારના ભરતી નિયમો-2019 તથા નેશનલ મેડિકલ કમિશનના નિયમો લાગુ પડશે. કાયમી ઉમેદવાર ઉપલબ્ધ થતાં કરાર આધારિત સેવા સમાપ્ત થઈ શકે છે.

સુરતકાંડ પછી આરોગ્ય અને ફૂડ વિભાગ એક્શનમાં

# કોલેજ-હોસ્ટેલ કેન્ટીનોમાં VMCનું મેગા સર્ચ ઓપરેશન: ગંદકી અને ખામીઓ છતી થઈ

**8 કેન્ટીનોને** શેડ્યુલ-4ની નોટિસ, 25 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

સુરતમાં તાજેતરમાં બનેલી ઘટનાના પડઘા વચ્ચે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનનું આરોગ્ય અને ફૂડ વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. વિદ્યાર્થીઓ અને યુવાનોના આરોગ્ય સાથે ચેડાં અટકાવવા ફૂડ સેફ્ટી ટીમોએ શહેરની 17 સરકારી, અર્ધસરકારી અને ખાનગી કોલેજો તથા હોસ્ટેલની કેન્ટીનોમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન અનેક સ્થળે ગંદકી અને ખાદ્યસામગ્રીના સંગ્રહ તથા બનાવટમાં નિયમોના ભંગની સ્થિતિ મળી હતી.

આ તપાસમાં 8 જેટલી કેન્ટીનોમાં ભારે અનહાઈજિનિક પરિસ્થિતિ જોવા મળતાં ફૂડ સેફ્ટી એક્ટ હેઠળ શેડ્યુલ-4ની નોટિસ ફટકારવામાં આવી હતી. તેમજ આરોગ્ય માટે હાનિકારક અને વાસી આશરે 25 કિલો અખાદ્ય ચીજવસ્તુઓ જપ્ત કરી સ્થળ પર જ નાશ કરાઈ હતી.

એમ.એસ. યુનિવર્સિટીની ચાર કેન્ટીનોમાં ખામીઓ મળતાં નોટિસ અપાઈ હતી. સમરસ ગર્લ્સ હોસ્ટેલ તથા ઓલ્ડ પાદરા રોડની નર્સિંગ કોલેજની કેન્ટીનને પણ અસ્વચ્છતા



બદલ નોટિસ અપાઈ હતી. GMERS હોસ્પિટલ-કોલેજ કેમ્પસની બે કેન્ટીનોમાં પણ ગંદકી બદલ નોટિસ અને દંડનીય કાર્યવાહી કરાઈ હતી.

તરસાલીની રવિશંકર મહારાજ ઉમા છાત્રાલય, દરજીપુરાની બે આદર્શ કન્યા શાળાઓ તથા GMERS ઈન્ટર્ન કોલેજની કેન્ટીનો ફૂડ લાયસન્સ વગર ચાલતી મળી આવતાં તાત્કાલિક બંધ કરાવવામાં આવી હતી. પાલિકાએ આગામી દિવસોમાં પણ કડક ચેકિંગ ચાલુ રાખવાની ચેતવણી આપી છે.

# બાજવા-રેલવે ગરનાળું ૫ મહિના માટે બંધ, વાહનચાલકોને હાલાકી

**હજારો** વાહનચાલકો, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને ભારે મુશ્કેલી

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરના બાજવા-છાણીને જોડતું મુખ્ય ગરનાળું આગામી 5 મહિના માટે બંધ કરવામાં આવ્યું છે. રેલવે દ્વારા 4 ટ્રેક અને બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત નવા રેલવે બ્રિજનું કામ ચાલુ હોવાથી ચાર તારીખથી ગરનાળું બંધ કરાયું હોવાની જાહેર સૂચના લગાવવામાં આવી છે. જોકે ડાયવર્ઝન રોડની ખરાબ હાલતથી લોકોમાં રોષ ફેલાયો છે.



રેલવે તંત્ર દ્વારા ગરનાળા પાસે બેરિકેડ લગાવી વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા વિનંતી'ના બેનર લગાવાયા છે. પરંતુ તંત્ર દ્વારા આપવામાં આવેલો ડાયવર્ઝન રોડ અત્યંત બિસમાર હાલતમાં હોવાથી વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, ડાયવર્ઝન તરીકે આપવામાં આવેલા કાચા રસ્તા પર ઠેર-ઠેર મોટા ખાડા પડી ગયા છે, કાદવ-કીચડ અને ધૂળને કારણે અકસ્માતનો ભય પણ વધી ગયો છે. રોજ અવર-જવર કરતા હજારો વાહનચાલકો, વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને ભારે મુશ્કેલી પડી રહી છે. આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને ડાયવર્ઝન રોડ પર તાત્કાલિક ધોરણે ખાડા પૂરવામાં આવે અને રોડનું સમારકામ કરી વાહન વ્યવહાર યોગ્ય બનાવવામાં આવે તેવી લોકોની માંગ ઉઠી છે.

સાયબર ઠગો દ્વારા ખાતાં ખાલી કરવાનો નવો કીમિયો

# વેડિંગ ઈન્વિટેશનની APK ફાઈલ ખોલતા જ જ્વેલર્સના ખાતામાંથી ૪.૧૮ લાખ ઉપડી ગયા

**મિત્રના** હેક થયેલા વોટ્સએપ પરથી આવેલી ફાઇલ ડાઉનલોડ કરતાં એકાઉન્ટ ખાલી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં સાયબર ઠગોએ હવે વેડિંગ ઈન્વિટેશનના નામે ફાઈલ મોકલીને બેંક ખાતાં ખાલી કરવાનો નવો કીમિયો અજમાવ્યો છે. સુભાનપુરાના 59 વર્ષીય જ્વેલરી વેપારીએ મિત્રના હેક થયેલા વોટ્સએપ પરથી આવેલી 'wedding invitation.apk ફાઈલ ડાઉનલોડ કર્યા બાદ તેમના બેંક ખાતામાંથી અલગ-અલગ પાંચ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.4.17 લાખ ઉપડી ગયા હતા. જ્વેલર્સને ફરિયાદના આધારે ઠગોનું લોકેશન મેળવવાની તજવીજ હાથ ધરી છે.



સુભાનપુરામાં રહેતા અને બાબુભાઈ જ્વેલર્સ ની દુકાન ધરાવતા સોની ચેતનકુમારે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ મોબાઈલમાં ગૂગલ-પે કે ફોન-પે જેવી એપ્લિકેશનનો ઉપયોગ કરતા નથી. દરમિયાન 10 સપ્ટેમ્બરે બપોરે આશરે 3 વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ પર બેંક ખાતામાંથી રકમ ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. બેંક ખાતું તપાસતાં રૂ.95 હજાર, રૂ.1.50 લાખ, રૂ.1.20 લાખ, રૂ.35 હજાર અને રૂ.17 હજાર રૂ.4.17 લાખ પાંચ અલગ-અલગ ટ્રાન્ઝેક્શનથી ઉપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. રકમ ઉપડી ગયાની જાણ થતાં વેપારીએ તાત્કાલિક બેંક ઓફ બરોડાની સુભાનપુરા શાખાના મેનેજરનો સંપર્ક કરી ખાતું ડેબિટ ફ્રીઝ કરાવ્યું હતું. ત્યારબાદ બેંકમાં ફરિયાદ કરી હતી. સાયબર ક્રાઈમ પોલીસી વેપારીના મોબાઈલની તપાસ દરમિયાન wedding invitation.apk નામની ફાઈલ મળી હતી. 1 સપ્ટેમ્બરે તેમના મિત્ર કિલ્લોલભાઈ ભટ્ટના વોટ્સએપ નંબર પરથી આ ફાઈલ આવી હતી. ફાઈલ ઓપન કરવાનો પ્રયાસ કરતાં તે ખૂલી નહોતી. બાદમાં મિત્રનો સંપર્ક કરતાં તેમનો મોબાઈલ હેક થયો હોવાનું જાણવા મળ્યું હતું. વેપારીએ બે-ત્રણ દિવસ બાદ આ શંકાસ્પદ APK ફાઈલ ડિલીટ કરી દીધી હતી. ખાતામાંથી લાખો રૂપિયા ઉપડી ગયા હોય છે તેની તપાસ શરૂ કરી છે.

# આધેડના બેંક ખાતામાંથી ચાર ટ્રાન્ઝેક્શન કરી રૂ.૨.૫૧ લાખ ઉપાડી લીધા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

માણેજા વિસ્તારમાં રહેતા ખાનગી કંપનીના કર્મચારીના બેંક ખાતામાંથી તેમની જાણ બહાર ચાર ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.2.51 લાખ ઉપાડી લેતાં છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. કાર લોનનો EMI કપાયા બાદ પેનલ્ટી લાગતાં બેંક સ્ટેટમેન્ટ ચેક કરતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. આધેડે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ કરાઈ છે.

માણેજામાં રહેતા 52 વર્ષીય ઢાકોરભાઈ ઠાકોર સેફલર લિમિટેડમાં સ્ટોર વર્કર તરીકે નોકરી કરે છે અને ICICI બેંકમાં તેમનું સેવિંગ્સ એકાઉન્ટ છે. 10 સપ્ટેમ્બરે કાર લોનનો EMI કપાયા બાદ ખાતામાં પેનલ્ટી લાગતાં તેમણે iMobile એપ મારફતે સ્ટેટમેન્ટ તપાસ્યું હતું. સ્ટેટમેન્ટમાં 22 ઓગસ્ટે તેમની જાણ બહાર ચાર ટ્રાન્ઝેક્શન થયેલા જણાયા હતા. જેમાં રૂ.34 હજાર, રૂ.18 હજાર, રૂ.30 હજાર અને રૂ.1.69 લાખ મળી કુલ રૂ.2.51 લાખ ઉપાડી લેવાયા હતા. ખાતામાંથી અજાણ્યા ટ્રાન્ઝેક્શનથી રકમ ઉપડી ગયાની જાણ થતાં તેમણે સાયબર હેલ્પલાઈન 1930 પર જાણ કરી હતી. ત્યારબાદ E-FIR મારફતે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે રકમ જે ખાતામાં ટ્રાન્સફર થઈ તેના ખાતાધારક સહિત અન્ય સંડોવાયેલા શખ્સોને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

# પાર્ટટાઈમ જોબની લાલચ આપી યુવક પાસેથી રૂ.૧.૦૧ લાખ પડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરામાં ઓનલાઈન પાર્ટટાઈમ જોબની લાલચ આપી 23 વર્ષીય યુવક સાથે રૂ.1.01 લાખની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. ટેલિગ્રામ મારફતે સંપર્ક કરનારા શખ્સોએ મીન્ત્રા ડિઝાઈન પ્રાઈવેટ લિમિટેડના નામે ખોટો લેટરપેડ અને એગ્રીમેન્ટ મોકલી યુવકનો વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં ટાસ્ક પૂર્ણ કરી કમાણી કરાવવાના બહાને અલગ-અલગ યુપીઆઈ અને બેંક ખાતામાં તબક્કાવાર રકમ ટ્રાન્સફર કરાવી હતી.

હરણી વિસ્તારમાં રહેતા સૌરભશાંતિલાલ તેલીની ફરિયાદ મુજબ, 6થી 9 સપ્ટેમ્બર દરમિયાન અજાણ્યા શખ્સોએ તેમના મોબાઈલ પર લિંક મોકલી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. ત્યારબાદ ટેલિગ્રામ પર સંપર્ક કરી પાર્ટટાઈમ જોબમાં ટાસ્ક પૂરા કરવાથી કમાણી થવાની લાલચ આપી હતી. આરોપીઓએ કંપનીના નામે બનાવટી દસ્તાવેજ મોકલી વિશ્વાસમાં લીધા બાદ ટાસ્ક તથા યુવકના નામે બનાવેલા એકાઉન્ટમાં રકમ ભરવાના બહાને કુલ રૂ.1.01 લાખ પડાવી લીધા હતા. પૈસા પરત ન મળતાં છેતરપિંડીનો અહેસાસ થતાં સૌરભે હરણી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

૨૭થી વધુ એપ-પોર્ટલ પર ડેટા એન્ટ્રીની કામગીરીથી શિક્ષકો પર વધ્યું ભારણ

# ભણાવવાને બદલે શિક્ષકોને બનાવી દીધા ડેટા ઓપરેટર

**વર્ગખંડમાં** ભણાવવાને બદલે મોબાઈલમાં એન્ટ્રી કરવી પડતી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

ગુજરાતના પ્રાથમિક શિક્ષકો પર દિવસે દિવસે વધી રહેલા ઓનલાઈન અને બિનશૈક્ષણિક કામના ભારને કારણે શિક્ષણની ગુણવત્તા ખાડે જઈ રહી હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. શિક્ષકોએ એક જ માહિતી અલગ અલગ 27 જેટલી એપ અને પોર્ટલ પર ચડાવવી પડતી હોવાથી વિદ્યાર્થીઓને ભણાવવા માટે સમય જ નથી મળતો.

પ્રાપ્ત માહિતી મુજબ શિક્ષકોએ સીટીએસ પોર્ટલ, વિદ્યાર્થીઓનો અપાર આઈડી, ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃત્તિની અરજી, એસએએસ, પ્રેરણા પોર્ટલ પર પગાર બિલ, યુડીઆઈએસઈ+ માં મોટાભાગે સમાન માહિતી ફરી ભરવાની, કર્મયોગી, એસએનએ સ્પર્શ, આઈ જીઓટી, દીક્ષા, પ્રશસ્ત, ખેલ મહાકુંભ માટેનું કેએમકે પોર્ટલ, ઈનોવેશન ફેર, એક પેડ માં કે નામ, એસએચવીઆર , ટીચર પોર્ટલ સહિત અનેક પોર્ટલ સંભાળવા પડે છે. આ ઉપરાંત શિક્ષકોને બીએલઓ તરીકે ચૂંટણીની કામગીરી, એચએલઓ એપથી વસ્તી ગણતરી, એમડીએમ એપમાં રોજ અલ્પાહાર અને મધ્યાહન ભોજનની એન્ટ્રી, નાના ખર્ચના 500 રૂપિયાના બિલ



માટે પણ મેંકર-ચેકર એમ બે અલગ લોગીન અને કાગળોની લાંબી પ્રક્રિયા કરવી પડે છે. શિક્ષકોની ફરિયાદ છે કે પાંચ મિનિટમાં પતે તેવું કામ સર્વર અને ઈન્ટરનેટની સમસ્યાને કારણે કલાકો સુધી ચાલે છે. અલગ અલગ પાસવર્ડ, સિક્યુરિટી પ્રોસેસ અને લોગીનના કારણે સ્થિતિ વધુ કફોડી બની છે. વર્ગખંડમાં પણ શિક્ષકો મોબાઈલમાં ડેટા એન્ટ્રી કરતા જોવા મળે છે, જેથી વાલીઓને પણ શિક્ષકો સતત મોબાઈલમાં જ હોય તેવું લાગે છે.

## ૨૭થી વધુ એપ પોર્ટલ પર શિક્ષકો ઓનલાઈન એન્ટ્રી કરવામાં જ વ્યસ્ત

શિક્ષકનું મૂળભૂત કામ શિક્ષણ કાર્ય કરાવવાનું છે. પરંતુ આજે અન્ય કામગીરીઓના લીધે શિક્ષક વર્ગમાં રહેતો નથી અને તેના કારણે તે પોતાનું શિક્ષણ કાર્ય કરાવી શકતો નથી એની જે મૂળભૂત ફરજો છે તેનાથી તે દૂર રહે છે આજે જો જોવામાં આવે તો શિક્ષક પાસે લગભગ 130 પ્રકાર જેટલી કામગીરીઓ કરાવવામાં આવી રહી છે. જે શિક્ષણ માટે ખતરા રૂપ છે ગુજરાત સરકાર ઘણા બધા કાર્યક્રમો આપે છે. પરંતુ એક કાર્યક્રમ માત્ર ને માત્ર શિક્ષક વર્ગખંડમાં તેઓ આપવો જોઈએ. જો કદાચ આ રીતનો કાર્યક્રમ આપવામાં આવે તો ગુજરાતનો શિક્ષણ ખરેખર ખૂબ સુધરી શકે છે. શિક્ષકને આજે ડેટા ઓપરેટર બનાવી દેવામાં આવ્યો છે. શાળા શરૂ થાય ત્યારથી લઈ શાળા સમય પૂર્ણ થાય ત્યાં સુધી શિક્ષક માત્ર ઓનલાઈન એન્ટ્રી કરવામાં જ વ્યસ્ત રહે છે જેનાથી તે વર્ગકાર્ય કરી શકતો નથી અને પોતાના બાળકોને ભણાવવા માટે સમય આપી શકતો નથી જે અત્યંત દુઃખદ બાબત છે : -

**પિનાકીન પટેલ,** પ્રમુખ, ન.પ્રા.શિક્ષક સંઘ વડોદરા